# કુપોષણ દૂર કરવાની મસમોટી જાહેરાત પરંતુ આંગણવાડીમાં બાળકો પૂરતા હોતાં નથી

મોડાસા, તા. ૧૬

રાજ્ય સરકાર દ્વારા કુપોષણ દૂર કરવા માટે ઢોલ વગાડીને વારંવાર જાહેરાત કરે છે પરંતુ પોષણ આપનાર મધ્યાહન ભોજન યોજના અને આંગણવાડી કેન્દ્રોમાં વધારાનો પોષણ મળી રહે તે માટે પોષ્ટિક આહાર સરકાર દ્વારા પૂરો પાડવામાં આવે છે. વળી બાળ સંજીવની યોજના દ્વારા કુપોષિત બાળકોને તેની માતા સાથે આરોગ્ય ધામમાં રાખીને પોષણ આપવામાં આવે છે પરંતુ વાસ્તવિક હકિકત કંઈક જુદી જ જોવા મળે છે. બાળ સંજીવની યોજના આરોગ્ય કેન્દ્રોમાં ચાલે છે ત્યાં વાલી માતા કે બાળક જોવા મળતાં જ નથી. માત્ર સ્ટાફ જ હોય છે. આવા તાલુકા મથકના સ્થળોની વીડીયોગ્રાફી કરવામાં આવે અને જિલ્લા આરોગ્ય અધિકારીને મોકલવામાં આવે તો સત્ય હકિકત બહાર આવે.

વળી મધ્યાહન ભોજનમાં જમણવાર અને નાસ્તો આપવાની યોજનામાં માત્ર ખીચડી, મૂઠીયા જેવુ એક જ પ્રકારનું ભોજન અપાય છે જેનું કોઈ નિરીક્ષણ થતુ જ નથી. વળી આંગણવાડીમાં સંજીવની દૂધ પીનારા ૪૦ ટકા જ બાળકો હાજર હોય છે. ૯૦ ટકા ખોટી હાજરી પૂરીને દૂધ કે નાસ્તો ઠેકાણે થઈ જાય છે. બાળકોને કેન્દ્ર ઉપર લાવવામાં જ આવતાં નથી. તંત્રની લાપરવાહીથી ભ્રષ્ટાચાર ખૂબજ ફૂલ્યો ફાલ્યો છે. નિરીક્ષણ થતુ જ નથી. હવે તો વાલીઓ જે તે ગામની વીડીયોગ્રાફી દ્વારા હકિકત બહાર લાવવા ઉત્સુક છે. આંગણવાડીમાં ૬ મહિનાનું અનાજ એકી સાથે ૭મા માસે અપાય છે. આવી વ્યવસ્થા કેમ ?



## પુંસરીથી નીકળેલા સદભાવના રથનું અરવલ્લી જિલ્લામાં આગમન, ૨૦ ગામના પાટીદારો જોડાયા

સાબરકાંઠાના પુંસરી ગામેથી અનામત આંદોલનને સમર્થન માટે નીકળેલી રથયાત્રા અરવલ્લી જીલ્લામાં આગમન થતા ભવ્ય સ્વાગત સાથે અમોદરા, લીંભોઈ, બાયલ-ઢાંખરોલ એને કિશોરપુરા ગામ સહીત ૨૦થી વધુ ગામના પાટીદાર યુવાનો, બાળકો, મહિલાઓ અને અગ્રણીઓ જોડાયા હતા. આ સદભાવના યાત્રામાં ૨૦૦થી વધુ લોકો સાથે સદભાવના યાત્રાનું મોડાસાના ઉમિયા માતાના મંદિરે સમાપન થશે તેવું સદભાવના યાત્રાના આયોજકોએ જણાવ્યું હતું.

# ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિર દર્શનનો સમય



તા.૧૭ ભાદરવા સુદ ૮ સવારે ૭ થી રાત્રે ૧૦.૩૦
તા.૧૮ ભાદરવા સુદ ૯ સવારે ૬.૩૦ થી રાત્રે ૧૦.૩૦
તા.૧૯ ભાદરવા સુદ ૧૦ સવારે ૬.૩૦ થી રાત્રે ૧૦.૩૦
તા.૨૦ ભાદરવા સુદ ૧૧ સવારે ૬.૩૦ થી રાત્રે ૧૦.૩૦
તા.૨૧ ભાદરવા સુદ ૧૨ સવારે ૬.૩૦ થી રાત્રે ૧૦.૩૦
તા.૨૨ ભાદરવા સુદ ૧૩ સવારે ૬.૩૦ થી રાત્રે ૧૦.૩૦
તા.૨૩ ભાદરવા સુદ ૧૩ સવારે ૬.૩૦ થી રાત્રે ૧૦.૩૦
તા.૨૪ ભાદરવા સુદ ૧૪ સવારે ૬.૩૦ થી રાત્રે ૧.૦૦
તા.૨૫ ભાદરવા સુદ પૂનમ સવારે ૬.૦૦ થી રાત્રે ૧૨.૦૦

# ખેડબ્રહ્મામાં અંબાના ધામમાં ભાદરવી પૂનમના મેળાની તડામાર તૈયારીઓ

ખેડબ્રહ્મા, તા. ૧૬

ભાદરવી પૂનમે અંબાજી જતા પદયાત્રીઓમાં અમદાવાદ, આણંદ, ખેડા, પંચમહાલ, ગોધરા તથા રાજસ્થાન તરફથી આવતા સંઘ



અને પદયાત્રીઓ ખેડબ્રહ્મા માતાજી મંદિરે શીશ ઝુકાવીને આગળ જાય છે. આવનાર યાત્રાળુઓ માટે મંદિર ટ્રસ્ટ અને વહીવટીતંત્ર દ્વારા તૈયારીઓ પુર્ણ કારી દેવામાં આવી છે.

ખેડબ્રહ્મા ખાતે સોમવારથી ભાદરવી પૂનમનો મેળો ભરાશે જે પાંચ દિવસ ચાલશે જેમા મોટી સંખ્યામાં યાત્રાળુ ઉમટી પડશે.

ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિર ટ્રસ્ટ તરફથી આ વર્ષે આવનાર સંઘો અને પદયાત્રીઓને સગવડ મલી રહે તે હેતુસર તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. મંદિર ટ્રસ્ટ તરફથી ચૌદશ અને પૂનમે તમામ શ્રદ્ધાળુઓને રૂ.૧૦ માં ભોજન પરૂ પાડવામાં આવશે. આવનાર યાત્રાળુઓને સરળતા રહે તે માટે બસ સ્ટેશન તરફથી અંદર પ્રવેશ કરી દર્શન કરી બાયપાસ પરથી સીધા અંબાજી હાઈવે પાર નીકળાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

ભાદરવી પૂનમના મેળા માટે વહીવટી તંત્ર દ્વારા મેળાની જગ્યાએ ૨૦૨ પ્લોટની ૫૮૯૭૦૦ માં હરાજી કરવામાં આવી હતી જ્યારે ૨ પ્લોટ નવતર પ્રયોગ કરી સખી મંડળોને આપવામાં આવ્યા છે અને મેળામાં પ્લાસ્ટિકનો ઉપયોગ ના થાય તે માટે વહીવટીતંત્ર દ્વારા તકેદારી રાખવામાં આવશે. આ બાબતે નગરપાલીકાના સેવકો ખડે પગે રહેશે.

# ગોવિંદપુરામાં છોકરી ભગાડી જવા બાબતે ધિંગાણું થતા સામ-સામે ફરીયાદ

હિંમતનગર, તા. ૧૬

હિંમતનગર તાલુકાના ગોવિંદપુરા ગામે ગુરૂવારે છોકરી ભગાડી જવા બાબતે અદાવત રાખી ગુરૂવારે છોકરી પક્ષના સાત જણાએ ગેરકાયદે મંડળી રચી છોકરા પક્ષના ઘરે હથિયારો તથા લાકડીઓથી હુમલો કરી બે જણાને ગંભીર ઈજા પહોંચાડી ધિંગાણું મચાવી દીધુ હતુ. જેથી આ મામલે છોકરા પક્ષ તરફથી છોકરી પક્ષના કેટલાક લોકોને ધમકી અપાતા બંને પક્ષોએ શુક્રવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે બંને પક્ષોના મળી ૧૧ જણા વિરૂદ્ધ ગુનો નોંધી ચાર જણાની અટકાયત કરી હતી.

આ અંગે ગોવિંદપુરા ગામના મંજુબા પૃથ્વીસિંહ રાઠોડે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ એક વર્ષ અગાઉ તેમના દિકરા પંજાબસિંહને તખતસિંહ ચેહરસીંહ રાઠોડની દિકરી નિતાબા સાથે પ્રેમ સંબંધ હોવાથી ભગાડીને લઈ ગયો હતો. ત્યારબાદ બે માસ પછી પરત આવી જતા બંનેને છુટા પાડી દેવામાં આવ્યા હતા અને નિતાબાનું બીજા યુવક સાથે લગ્ન કરાવી દેવાયુ હતુ.

તેમ છતાં તખતસિંહ રાઠોડ, પ્રહલાદસિંહ ચેહરસિંહ રાઠોડ, અર્જુનસિંહ તખતસિંહ રાઠોડ, દિનુસિંહ ફતેસિંહ રાઠોડ, કાળુસિંહ ચૌહાણ, મંગીબેન તખતસિંહ રાઠોડ, અને રજીબેન વિનુસિંહ રાઠોડે ગુરૂવારે એકસંપ કરી ગેરકાયદે મંડળી રચી મંજુબાના ઘરે હથિયારો તથા લાકડીઓ લઈ આવી ઘરમાં પ્રવેશ કરી મંજુબાના પતિ પૃથ્વિસિંહ રાઠોડને તથા પંજાબસિંહને ધારીયુ અને લાકડીઓ મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. તથા પ્રદિપસિંહને ગડદાપાટુનો માર મારી હવે પછી પંજાબસિંહને ગામમાં રહેવા દીધો તો જાનથી મારી નાખવાની ધમકી આપી આ ટોળુ જતુ રહ્યુ હતુ. ત્યારબાદ મંજુબાએ સાતેય જણા વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

તો સામે પક્ષે તખતસિંહ રાઠોડે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ શુક્રવારે પંજાબસિંહ રાઠોડ, પૃથ્વીસિંહ પરબતસિંહ રાઠોડ, પ્રદિપસિંહ પૃથ્વીસિંહ રાઠોડ અને મંજીબેન પૃથ્વીસિંહ રાઠોડ ભેગા મળી તખતસિંહ રાઠોડના ઘરે જઈને પંજાબસિંહે એવું કહ્યું હતું કે મારે તમારી દિકરી સાથે લગ્ન કરવાના હતા તેમ કહી ઝગડો કરી અર્જુનસિંહને ગડદાપાટુનો માર મારી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની અપાયેલી ધમકી બાદ તખતસિંહ રાઠોડે ચારેય જણા વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# વીમા ક્લેઈમના નિકાલમાં એલઆઈસીની ડીસા શાખા ગાંધીનગર ડિવિઝનમાં પ્રથમ ક્રમે

ભારતનું સૌથી મોટુ તેમજ સર્વોત્તમ નાણાંકીય સંસ્થાન તેમજ દેશ અને સમાજની સાચી સેવાના હિતાર્થે લોકનાણાંનો સમાજ કલ્યાણ



હેતુ માટે ઉપયોગ કરી છેલ્લા બાસઠ વર્ષથી કરોડો ભારતીયોના ચહેરા પર સ્મિત રેલાવી સમગ્ર વિશ્વમાં વિમા ક્ષેત્રના જાહેર સાહસોમાં સૌથી વધુ મિલકતો ધરાવતી એક માત્ર સંસ્થા ભારતીય જીવન વીમા નિગમના ગાંધીનગર ડિવિઝનની ડીસા શાખાના દાવા (ક્લેઈમ) વિભાગે પોતાના કર્મઠ કર્મચારીઓ દ્વારા વધુમાં વધુ દાવાઓની ચુકવણી કરી ગાંધીનગર ડિવિઝનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગાંધીનગર ડિવિઝનમાં ગૌરવ સાથે પ્રતિષ્ઠાભર્યુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ગાંધીનગર ડિવિઝનના દાવા વિભાગના આસિ. મેને. અમિતસીંગ તથા ડીસા શાખાના બ્રાન્ચ મેનેજર પોખરાજ ચૌહાણના વરદહસ્તે વીમા નિગમની ડીસા શાખાના દાવા વિભાગના નિરજ ગામી, જયેશ દેસાઈ, દિનેશ વારડે તેમજ બાબુભાઈ વાગડીયાને ટ્રોફી આપી સન્માનિત કરી ડીસા શાખાના તમામ કર્ણઠ કર્મચારીઓની સેવાને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# પ્રાંતિજ અંબર્ટો સિરામિક ઈન્ટરનેશનલ કંપનીમાં ગણેશ મહોત્સવની ઉજવણી

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં ગણેશ મહોત્સવની ધામધૂમથી ઉજવણી



કરવામાં આવી રહી છે. ત્યારે પ્રાંતિજના ગળતેશ્વર રોડ ઉપર આવેલ અંબર્ટો સિરામિક કંપનીમાં પણ પાંચમાં વર્ષે પણ ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રાંતિજ નજીક આવેલ અંબર્ટો સિરામીક ઈન્ટરનેશનલ પ્રા.લી.કંપની ખાતે વિધ્નહર્તા ભગવાન ગણેશની મૂર્તિનું સ્થાપન કરવામાં આવ્યું છે અને સવાર સાંજ દાદાની આરતી ઉતારી વિવિધ ભાવતા ભોજન પ્રસાદ સહિત દાદાની સેવા કરવામાં આવે છે. જયારે ગણેશ મહોત્સવને લઈને અંબર્ટો સિરામિક ઈન્ટરનેશનલ કંપની દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગણેશસુતિ, ફિલ્મીગીતો, એક પાત્ર અભિનય, ગરબા સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. જયારે આ પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ, પ્રેસિડેન્ટ ધમેન્દ્ર જાની, હેડ.એચ.આર આર.કે. દાસ, ગળતેશ્વર સરપંચ, ડાૅ.એન.કે. ડેરીયા, વિશ્વેશ્વર ગોસ્વામીભાઈ સહિત કંપનીનો સ્ટાફ અને કામદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિયા મુલાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

## અંબાજી જતા પદયાત્રીઓ માટે પ્રયાસ ગ્રુપના યુવાનો દ્વારા વિસામો શરૂ કરાયો

ધનસુરા, તા. ૧૬

અંબાજી જતા પદયાત્રી ઓ માટે ધનસુરા તાલુકામાં વિસામાં શરૂ થઇ ગયા છે. ત્યારે ધનસુરાના સેવાભાવી પ્રયાસ ગ્રુપના યુવાનો દ્વારા હીરાપુર ચિલા પાસે વિસામો શરૂ કરાયો છે. જેમાં પદયાત્રીઓને જમવા, ચા નાસ્તો, મેડિસીન, પીવાનું પાણી, છાશ, સુવાની વ્યવસ્થા સહીતની સેવાઓ આપવામાં આવે છે.

ધનસુરાના માર્ગો જય અંબેના નાદથી ગુંજી રહ્યા છે. ભાદરવી પૂનમે અંબેમાતાના દર્શન કરવાનો અનોખો મહિમા હોઈ હજારો પદયાત્રીઓ અંબાજી પદયાત્રા કરી જઈ રહ્યા છે. ત્યારે સેવાભાવી લોકો દ્વારા અરવલ્લીમાં વિસામાં શરૂ કરવામાં આવ્યા છે. ભાદરવી પૂનમ જેમ જેમ આવી રહી છે તેમ તેમ ધનસુરાના માર્ગો પદયાત્રીઓથી ઉભરાઈ રહ્યા છે.



## બાયડમાં પરબડી ચોકના ગણેશજીનું હર્ષોલ્લાસ સાથે વિસર્જન

અરવલ્લી જીલ્લામાં ગણપતિ મહોત્સ્વ શહેરી વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોમાં ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવે છે. બાયડ શહેરના પરબડી ચોક વિસ્તારમાં પ્રસ્થપિત કરવામાં આવેલા દુંદાળા દેવની ભવ્ય વિસર્જન યાત્રા યોજાઈ હતી. વિસર્જન યાત્રામાં ડીજે સાથે વાજતે-ગાજતે અખાડાની ટિમ અને નડિયાદના અને અમદાવાદના ઢોલીએ આગવું આકર્ષણ જમાવ્યું હતું. ''અગલે બરસ તું જલ્દી આના'' ના નારા સાથે ભારે હૈયે ભક્તોએ ગણપતિદાદાને વિદાઈ આપી હતી. વિસર્જન યાત્રામાં બાયડના નગરજનો સહીત આજુબાજુના પંથકમાંથી મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. બાયડમાં વિસર્જનયાત્રાનું મુસ્લિમ બિરાદરોએ ભવ્ય સ્વાગત કરતા કોમી એખલાસના દ્રશ્યો સર્જાયા હતા.

## વડાલી આર્ટસ કોલેજમાં થેલેસેમીયા ચેકઅપ કેમ્પ યોજાયો

હિંમતનગર, તા. ૧૬

વડાલીની બી.સી. શાહ આર્ટસ કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા તાજેતરમાં થેલેસેમીયા ચેકઅપ કેમ્પનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આરતીબેન રાઠોડ, ડૉ. મનુભાઈ પરમાર તથા સ્ટાફની ઉપસ્થિતિમાં દરેક વિદ્યાર્થીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. તથા થેલેસેમીયાના વિષય પર વિદ્યાર્થીઓને ટૂંકી ફિલ્મ બનાવવામાં આવી હતી.

## મોડાસામાં જેસીઆઈ સેવાકીય સપ્તાહની ઉજવણીની પુર્ણાહુતી સમારોહ યોજાયો

અરવલ્લી જીલ્લામાં સેવાકીય કાર્યો, પર્યાવરણ બચાવો અભિયાન અને સ્વચ્છતા અભિયાન અંગે સતત જનજાગૃતિ અભિયાન સાથે પ્રજાજનોને સાથે લઈને ચાલતી જેસીઆઈ સંસ્થાના વિવિધ સેવાકીય અને જનજાગૃતિ અભિયાન જેવાકે સ્વચ્છતા અભિયાન, મોટિવેશનલ સ્પીચ, ડીશ ડેકોરેશન, મહેંદી સ્પર્ધા, ગીત સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, મોડાસા સબજેલમાં સુંદરકાંડ, વેબ ડિઝાઈન, પીપીટી કોમ્પિટિશન, સિનિયર સીટીઝન સ્પોટ્ર્સ ડે, સાંસ્કૃતિક કાર્યક્રમો, ડાન્સ સ્પર્ધા, કવીઝ સ્પર્ધા, સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ સ્પર્ધામાં વિજેતાઓને ઈનામ વિતરણ અને મોમેન્ટો આપવામાં આવ્યા હતા. સપ્તાહની ઉજવણીમાં પ્રમુખ અલ્પેશ પટેલ, ખજાનચી રવિ શાહ, મંત્રી ધર્મેન્દ્ર ત્રિવેદી, ઉપ પ્રમુખ રાજેશ રામજીયાની, ભરત સોની, જેસી વીક કો.ઓ. અતુલ પટેલ, આઈ.પી.પી ડૉ. સંતોષ દેવકર, જેસીઝ મિલ્ક કમિટી મોડાસા, નિલેશ જોશી, વ્રજેશ પંડ્યા અને જેસીસાઈ ટીમ અને જેસી રેટ ટીમ મોડાસાના સદસ્યોએ જેસીઆઈ સપ્તાહની ઉજવણીમાં સહભાગી બન્યા હતા.

## ધી મોડાસા ઘાંચી એન્ડ સોશિયલ વેલ્ફર ટ્રસ્ટ દ્વારા ઘાંચી હોલ સમાજને અર્પણ કરાયો

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં લઘુમતી સમાજના જરૂરિયાતમંદ અને ગરીબ બાળકોના ઉચ્ચ શિક્ષણ માટે સતત કાર્યશીલ ધી મોડાસા ઘાંચી એજ્યુકેશન એન્ડ સોશિયલ વેલ્ફેર ટ્રસ્ટ સંચાલિત ઘાંચી હોલનું રવિવારે ટ્રસ્ટના પ્રમુખ સિકંદરભાઈ સુથાર હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઘાંચી હોલના ઉદઘાટન સમારંભમાં મોડાસા નગરપાલિકાના પ્રમુખ સુભાષભાઈ શાહ, અબ્દુલ રજ્જાક એચ. ટીંટોઇયા અને મોડાસા સમસ્ત મુસ્લિમ ઘાંચી સમાજના પ્રમુખ સુલેમાનભાઈ એ.ખાનજી સહીત સમાજના આગેવાનો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઘાંચી હોલના લોકાર્પણને સમાજના આગેવાનોએ આવકારી મંડળના પ્રમુખ, મંત્રી અને હોદ્દેદારોની પ્રસંશનીય કામની સરાહના કરી હતી.



## ધનસુરામાં દ્વારા ''સ્વચ્છતા હી સેવા'' અભિયાન હેઠળ સફાઈ ઝુંબેશ

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અપાયેલ સ્વચ્છતા હી સેવા આહવાન હેઠળ આજે અરવલ્લી જિલ્લાના ધનસુરામાં જવાહર નવોદય વિદ્યાલયના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા સફાઈ અભિયાન યોજાયું હતું. મહાત્મા ગાંધીની જયંતિ સુધી આ અભિયાન ચાલશે. આ સફાઈ અભિયાન બસ સ્ટેન્ડ, હોસ્પિટલ, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત ખાતે યોજાયું હતું. વિદ્યાર્થીઓએ આ તમામ જગ્યાએ સાફ સફાઈ કરી હતી અને સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. સ્વચ્છતાના બેનરો સાથે કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જવાહર નવોદય વિદ્યાલયના આચાર્ય કે.ડી. ઘોષે, શિક્ષકો બી.જે. જાની, સુધીર આશરે, નિલેશ પટેલ, પારૂલ નાયક સહુ જોડાયા હતા.

# સાબરકાંઠા બેંકની ૬૦મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

હિંમતનગર, તા. ૧૬

સમગ્ર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની આર્થિક જીવાદોરી સમાન તેમજ લોક હૃદયમાં સ્થાન પામેલી ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની ૬૦મી વાર્ષિક સાધારણ સભા બોચાસણવાસી અક્ષર પુરષોત્તમ સ્વામીનારાયણ મંદિર કાંકણોલ હિંમતનગર મુકામે તા. ૧૫-૯-૧૮ના રોજ બેંકના બહોળા સભાસદો વચ્ચે યુવા અને ઉત્સાહી ચેરમેન મહેશભાઈ અમીચંદભાઈ પટેલના પ્રમુખ સ્થાને યોજાયેલ હતી. આ પ્રસંગે ભારતના લોકલાડીલા પૂર્વ વડાપ્રધાન અટલબીહારી બાજપાઈના નિધન બદલ તેઓને શ્રદ્ધાસુમન અર્પણ કરી સભાની શરૂઆત કરવામાં આવી. આ પ્રસંગે બેંકના ચેરમેને ડીઝીટલ બેંકીંગ ક્ષેત્રે બેંકે કરેલ કામગીરીની વિસ્તૃત છણાવટ કરી જેના અન્વયે તાજેતરમાં નવી દિલ્હી ખાતે બેંકિંગ ફ્રન્ટીયર મેગેઝીન દ્વારા બેસ્ટ ડેબીટ કાર્ડ ઈનીશીયેટીવનો એવોર્ડ રીઝર્વ બેંકના ડાયરેક્ટરના વરદ હસ્તે બેંકને એનાયત થયેલ છે. તે બદલ ચેરમેને સભાસદોનો આભાર માનેલ હતો. આ પ્રસંગે બેંકના વાઈસ ચેરમેન રાજેન્દ્રસિંહજી એન. ભાટીએ બેંકના ચેરમેનનું બુકેથી સન્માન કરી અભિવાદન કરેલ. આ પ્રસંગે ધી નવાનગર ગૃપ સેવા સહ. મંડળી લી.ના સેક્રેટરી યોગેશભાઈ પટેલ દ્વારા સાબરકાંઠા બેંક દ્વારા અપાયેલ માઈક્રો એ.ટી.એમ.થી કરેલ સુંદર કામગીરીનં વર્ણન કરી તેની ઉપયોગીતા સમજાવી હતી. માઈક્રો એ.ટી.એમ.થી મંડળીક્ષેત્રે સભાસદોને તમામ બેંકિંગ સુવિધાઓ જમા/ઉધાર/ટ્રાન્સફર/બેલેન્સ વિગેરેની મળી રહે છે અને વ્યવહારો સંપૂર્ણ કેશલેશ પદ્ધતિથી થાય છે તેની જાણકારી આપેલ હતી.

બેંકના ચેરમેન દ્વારા દૂધ મંડળીઓના ગ્રાહકોનું દૂધનું પેમેન્ટ માઈક્રો એ.ટી.એમ. દ્વારા કરવા આહવાન કરવામાં આવેલ અને સાબરડેરીને પણ આ અંગે આગળ વધવા સૂચન કરેલ હતુ. આ પ્રસંગે દેશના વડાપ્રધાન દ્વારા મુકવામાં આવેલ યોજનાઓ જેવી કે પ્રધાનમંત્રીજીવન જ્યોતિ બીમા યોજના તથા પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના તથા અટલ પેન્શન યોજનાનો લાભ લેવા સભાસદોને આહવાન કરેલ હતુ. અટલપેન્શન યોજનામાં ૩ વર્ષથી બેંકે કરેલ સુંદર કામગીરીમાં બેંકે પ્રથમ હરોળમાં સ્થાન મેળવેલ છે તેની પણ ચેરમેને સભાસદોને જાણકારી આપેલ હતી તથા આ કામગીરીમાં સભાસદો તથા બેંકના સ્ટાફ તરફથી મળેલ સહકાર બદલ પણ સૌને ધન્યવાદ આપ્યા હતા.

આ પ્રસંગે ખેડૂતોને ખેતી માટે અપાતી કે.સી.સી.લોન ફક્ત રોકડમાં મળે છે જેમાં માલના રૂપનું ધીરાણ આપવામાં આવે તો ખેત ઉત્પાદનોમાં વધારો થઈ શકે જે બાબતે આવી વધારાની માલના રૂપની શાખ બાબતે નાબાર્ડને રજુઆત કરવા પણ બેંકના ચેરમેને ખાતરી આપેલ હતી.